# વીરાંગના એસ્તર

## (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલનો એસ્તરેગ્રંથ ઘણી રીતે અજોડ છે. બાઈબલના કેટલાંક પંડિતો તેને એક ઐતિહિસિક ગ્રથ ગણે છે. છતાં તેને કેટલા અંશે ઐતિહાસિક ગણવો એ અંગે બાઈબલના નિષ્ણાતોમાં મતમાંતરો પ્રવર્તે છે. તો કેટલાક લોકો એને વિશ્વસાહિત્યની એક ઉચ્ચ કોટિની લઘુ નવલકથા ગણે છે. છતાં એટલું તો નિઃશંકપણે કહી શકાય કે એસ્તરે ઉચ્ચ કોટિની એક સાહિત્યિક બોધકથા છે.

એસ્તરે બાઈબલમાં યહૂદી સ્ત્રીપાત્રને કેન્દ્રમાં રાખીને લખાયેલા ફ્કત બે જ ગ્રંથોમાં એક છે. બીજો ગ્રંથ યહૂદિથ છે. બંને ગ્રંથોને એનાં પ્રમુખ સ્ત્રીપાત્રો ઉપરથી નામ મળ્યું છે. યહૂદીઓના પેલેસ્ટાઈન પ્રાંત બહાર પારસ કે પ્રેશિયામાં દેશવટો ભોગવી રહેલી યહૂદી પ્રજામાંથી આવતી એકનું એક સ્ત્રીપાત્ર છે એસ્તેર, રાજા નબૂખદનેસ્સર યરુશાલેમ ઉપર ચડાઈ કરીને યહૂદીઓનું પવિત્ર નગર યરુશાલેમ અને સમગ્ર યહૂદાને, રાજાઓના બીજા ગ્રંથમાં વર્ણવવામાં આવ્યું છે તેમ, ખેદાનમેદાન કરીને બધા ઉમરાવોને અને અગણ્ય માણસોને દેશવટે બાબિલ લઈ ગયો હતો. આમ, દેશવટો ભોગવી રહેલા એક યહૂદી ઉમરાવ કુટુંબમાંથી એસ્તેર આવે છે.

બાઈબલના નિષ્ણાતો જણાવે છે તેમ, એસ્તેર ગ્રંથનો એક મુખ્ય હેતુ પુરીમ નામના યહૂદી તહેવારનો ઉદ્દભવ અને અર્થ સમજાવવાનો છે. આજે પણ દર વર્ષે માર્ચ મહિનામાં ઘણા યહૂદીઓ પુરીમ તહેવાર ઊજવીને યહૂદી પ્રજાને માથે ઝઝૂમતા નિકંદનમાંથી વીરાંગના એસ્તેર દ્વારા મળેલી મુક્તિને યાદ કરે છે.

વળી, એસ્તેર ગ્રંથની એક લાક્ષણિકતા એ છે કે એમાંથી પ્રેશિયાના રાજમેહેલો, નામના યહૂદી તહેવારનો ઉદ્દભવ અને અર્થ સમજાવવાનો છે. આજે પણ દર વર્ષે માર્ચ મહિનામાં ઘણા યહૂદીઓ પુરીમ તહેવાર ઊજવીને યહૂદી પ્રજાને માથે ઝઝૂમતા નિકંદનમાંથી વીરાંગના એસ્તેર દ્વારા મળેલી મુક્તિને યાદ કરે છે.

વળી, એસ્તરે ગ્રંથની એક લાક્ષણિકતા એ છે કે એમાંથી પ્રેશિયાના રાજમહેલો, રીતરીવાજો, રાજનીતિઓ વગેરે બાબતો અંગે આપણને અજોડ જ્ઞાન અને માહિતી મળે છે. પાટનગર સૂસાના રાજમહેલ અને એના બગીચામાં રાજાએ આપેલી એક મિજબાનીનું વર્ણન જુઓ: “ત્યાં સફેદ અને ભૂરા રંગના કીમતી પડદાઓ ઝીણા શણની અને કિરમજી સૂતરની દોરી વતી ચાંદીની કડીઓ સાથે આરસના સંતભો ઉપર બાંધવામાં આવ્યા હતા. સોના ચાંદીના પલંગો આરસ અને બીજા ભાતભાતના મોંઘામૂલા પથ્થરોની ફરસ ઉપર ગોઠવ્યા હતા. નાનાવિધ આકારનાં સોનાના પાત્રોમાં દારૂ પીરસવાનાં આવ્યો હતો. રાજાએ પોતાને શોભે એ રીતે દારૂ છૂટથી પિરસાવ્યો હતો. રાજાએ એવો નિયમ કર્યો હતો કે દારૂ ઉપર કોઈ બંધન રાખવું નહિઃ રાજાએ મહેલના બધા નોકરોને સૂચના આપી હતી કે દરેક મહેમાન માગે તેટલો દારૂ આપવો.”

ઈતિહાસનાં ઘણાં પાત્રોની જેમ એસ્તરે એક વિનમ પાત્રમાંથી યોગાનોયગ રાજા અહશ્વેરોશની પટરાણી બને છે. પણ સૌ પ્રથમ એક અનાથ બાલિકા તરીકે એસ્તરે દેખા દે છે. "હવે પાટનગર સૂસામાં બિન્યામીનના વંશનો એક યહૂદી નામે મોર્દખાઈ બિન યાઈર બિન શિમી કીશ રહેતો હતો. બાબિલનો રાજા નબૂખદનેસ્સર યહૂદાના રાજા યહોયાકીન સાથે યરુશાલેમથી જે લોકોને દેશવટે લઈ ગયો હતો તેઓમાંનો એ એક હતો. તેના કાકાની દીકરી હદસ્સા ઉર્ફે એસ્તેરને માબાપના મરણ પછી મોર્દખાઈએ પોતાની દીકરી તરીકે ખોળે લીધી હતી અને તેને ઉછેરીને મોટી કરી હતી. એ છોકરીનો દેહ ઘાટીલો અને મોં રૂપાળું હતું."

એસ્તેર એક અનાથ બાલિકામાંથી કેવી રીતે પટરાણી બને છે એનું વિગતવાર વર્ણન આપણને એસ્તેર ગ્રંથમાં મળે છે.

રાજા અહશ્વેરોશે પોતાના પાટનગર સૂસામાં આવેલા રાજમહેલના બગીચામાં પોતાના બધા અમલદારો અને દરબારીઓને એક મિજબીના આપી. રાણી વાશ્તીએ પણ રાજમહેલમાં સ્ત્રીઓને એક મિજબાની આપી. મિજબાનીના સાતમાં દિવસે રાજા દારૂ પીને રંગમાં આવી ગયો હતો ત્યારે તેણે પોતાની તહેનાતમાં રહેતા સાત દરબારીઓને રાણીને રાજમુગટ સાથે ત્યાં લઈ આવવા મોકલ્યા. રાણી સાચે જ બહુ રૂપાળી હતી અને રાજા પોતાના મહેમાનો તથા અમલદારોને તેનું સૌંદર્ય બતાવવા માગતો હતો. પણ દરબારીઓએ રાજાની આજ્ઞા રાણીને સંભળાવી ત્યારે રાણી વાશ્તીએ આવવાની ના પાડી. આ રાજાને ખૂબ ગુસ્સો ચડયો. તરત જ રાજાએ વાશ્તીને પટરાણી બનાવવા માટે આખા રાજ્યમાંથી ઘણી રૂપાળી કન્યાઓને રાજમહેલના જનાનખાનમાં એકઠી કરવામાં આવી. ત્યાં સૌંદર્યપચાર કરવમાં પૂરા બાર મહિના સુધી રહ્યા બાદ દરેક કુમારિકા વારાફરતી રાજાની આગળ ગઈ.

જ્યારે એસ્તેરનો વારો આવ્યો ત્યારે રાજાની આંખો એના પર ઠરી ગઈ. તેના ઉપર રાજાએ બીજી કોઈ પણ સ્ત્રી કરતાં વધુ વહાલ અને મહેરબાની બતાવી. માથે રાજમુગટ પહેરાવી વાશ્તીના સ્થાને તેને રાણી બનાવી દેવાઈ. ત્યાર બાદ રાજાએ એસ્તેરના માનમાં પોતાના અમલદારો તથા દરબારીઓને એક મોટી મિજબાની આપી.

પોતાના પિતરાઈ ભાઈ મોર્દખાઈના આદેશ મુજબ એસ્તેરે પોતાની જાતિ કે કુળ કોઈને જણાવ્યું નહોતું. તે મોર્દખાઈના ઘરમાં ઊછરેલી હતી ને એનું કહ્યું કરતી હતી તે જ પ્રમાણે અત્યારે પણ કરતી.

દરમિયાન મોર્દખાઈને રાજદરબારમાં નીમવામાં આવ્યો હતો. તે દરબારમાં નોકરી કરતો હતો તે દરમ્યાન રાજા સામે રિસાયેલા બે દરબારીઓએ – બિગથાન અને થેરેશે – રાજા અહશ્વેરરોશની હત્યા કરવાનું કાવતરું રચ્યું. મોર્દખાઈને એની જાણ થતાં તેણે રાણી એસ્તેરને વાત કરી અને તેણે મોર્દખાઈનું નામ દઈને રાજાને જાણ કરી. તપાસ કરતાં વાત સાચી નીકળી. બંને કાવતરાખોરોને ફાંસીને માંચડે ચડાવવામાં આવ્યા.

આમ, રાજાને કાવતરાખોરોમાંથી બચાવવા છતાં મોર્દખાઈ રાજ્યના તમામ અમલદારોના ઉપરી હામનનાં ક્રોધ અને દુશ્મનાવટને પાત્ર બન્યો. કારણ, એની યહૂદી ધાર્મિક માન્યતાને કારણે મોર્દખાઈએ હામાનને નીચા નમીને સલામ કરવાની ચોખ્ખી ના પાડી દીધી

હતી. એટલે રોષે ભરાયેલા હામાને માત્ર યહૂદી મોર્દખાઈનો જીવ લઈને સંતોષ માનવાને બદલે તેણે આખા સામ્રાજ્યમાંથી એકેએક યહૂદીને સાફ કરી નાખવાનો નિશ્ચય કર્યો અને રાજા પાસેથી એ મુજબનો હુકમ લખી લઈને તેના ઉપર રાજાની મહોર મરાવી લીધી. એ હુકમમાં નિર્ધારિત દિવસે આબાલવૃદ્ધ સૌ યહૂદી સ્ત્રી પુરોષની કતલેઆમ કરી તેમને એક જ દિવસમાં નાશ કરી નાખવાની અને તેમની તમામ માલમિલકત લૂંટી લેવાની વાત હતી.

રાજાના હુકમથી સમગ્ર રાજ્યમાં વસતા યહૂદીઓના આવનાર સર્વનાશ વિશે જાણીને લોકો બેબાકળા બની ગયા. રાજનગરી સૂસામાં મોર્દખાઈ પણ દુઃખના પોકારો કરતો ભટકવા લાગ્યો. રાણી પણ પોતાની દાસીઓ પાસેથી આ વાત જાણીને ખૂબ આકુળવ્યાકુળ થઈ ગઈ. મોર્દખાઈએ એસ્તેરના રાજાને હુકમની એક નકલ મોકલીને તેણે રાજા પાસે જઈને પોતાના લોકો માટે દયાની યાચના કરવા જણાવ્યું.

એસ્તેરે ત્રણ દિવસ સુધી ઉપવાસ અને પ્રાર્થના કર્યા અને તેણે પોતાની દાસીઓ તેમજ શહેરના બધા યહૂદીઓ પાસે પણ ઉપવાસ તથા પ્રાર્થના કરાવ્યાં અને ત્રીજે દિવસે એસ્તરે રાજા પાસે જઈને ખૂબ ઠાવકાઈ અને હોશિયારીથી પોતાની યહૂદી પ્રજાને સર્વનાશમાંથી બચાવી લેવાની વિનંતી કરી. પછી રાજાના આદેશ મુજબ એસ્તેરે મોર્દખાઈ પાસે યહૂદી પ્રજાની તરફેણમાં રાજાને નામે નવા હુકમ બહાર પાડીને આખા સામ્રાજ્યમાં મોકલ્યો. રાજાના નવા હુકમમાં બધા યહુદીઓને સ્વબચાવ કરવાના અધિકાર સાથે પોતાના શત્રુઓને મારી નાખવાની છૂટ હતી. આથી જે દિવસે યહૂદીઓના દુશ્મનોએ તેમને કચડી નાખવાની આશે સેવી હતી તે દિવસે તેથી ઊલટું બન્યું, યહૂદીઓએ પોતાના દુશ્મનોને કચડી નાખ્યાં. આમ, યહુદીઓનો શોક આનંદમાં પલટાઈ ગયો અને દુઃખના દિવસો ઉત્સવના દિવસો બની ગયા.

યહૂદીઓના શત્રુ હમાને યહૂદીને રાજ્યના પટ પરથી ભૂંસી નાખવા માટે પુર નામનો પાસો નાખીને દિવસ નક્કી કર્યો હતો. પણ રાણી એસ્તેરની દરમ્યાનગીરીથી હામાને યહૂદીઓના જેવા હાલ કરવા તાક્યું હતું તેવા તેના પોતાના હાલ થયા. આથી પુર પરથી આ ઉત્સવ્ના દિવસને પુરીમ કહેવાય છે. પુરીમના દિવસે આખી દુનિયાના તમામ યહૂદી મંદિરોમાં યહૂદી પ્રજાને સર્વનાશથી બચાવી લેનાર એસ્તેરની વાતનું પઠન કરવામાં આવે છે.

એસ્તેર આજે યહૂદી પ્રજાના હૃદયમાં વસે છે, છતાં યહૂદી પ્રજાને સર્વનાશથી બચાવી લેતાં દુશ્મનોની કતલેઆમ કરવાની વાત આજે ઘણાને ગળે ઊતરતી નથી. અહીં આપણે બે વાત ખાસ ધ્યાનમાં લઈ શકીએ. એક, આપણે ચોવીસ સદીઓ પહેલાંની વાત કરીએ છીએ. તે જમાનાના કાયદાઓ અને નીતિન્યાયના ખ્યાલો આપણા આજના કાયદાકાનૂન અને નીતિન્યાયના ખ્યાલો આપણા આજના કાયદાકાનૂન અને નીતિન્યાયના ખ્યાલોથી તદ્દન ભિન્ન હતા. હે, એસ્તેર પોતાને માટે નહિ પણ પોતાની યહૂદી પ્રજા માટે વિચાર કરે છે. લાંબા ગાળાની સંપૂર્ણ સુરક્ષા માટે જ એસ્તેર ચિંતત છે. અને પોતાની પ્રજાના દુશ્મનો ભવિષ્યમાં કદી માથું ઊંચકે તે માટે એમને મારી નાખવાનો હુકમ જારી કરાવે છે.

એસ્તેરનું જીવન નિર્ભયતા, બુદ્ધિ, અંતદષ્ટિ, વિવેક, દેશપ્રેમ, પોતાની પ્રજા માટેની હમદર્દી જેવા ગુણોથી શોભી ઊઠે છે. કલાકારોએ અને સાહિત્યકારોએ એસ્તેર અંગેની પોતાની કૃતિઓથી વીરાંગના એસ્તેરને ખરેખર અમર બનાવી છે.